**વિષય – વિજ્ઞાન ધોરણ- ૬ કુલ ગુણ – ૪૦**
**દ્વિતીય સત્ર ત્રિમાસિક પરીક્ષા પેપર – ૨૦૨૬ તારીખ –**

પ્રશ્ન-૧ વિકલ્પોના સાચા જવાબ આપો ગુણ-૭

**(૧)** ગોકળગાય શાના દ્વારા શ્વસનક્રિયા કરે છે **?**
(A) ચામડી (B) ઝાલરફાટ (C) ફેફસાં (D) છિદ્ર

**(૨)** સાપની ગતિ કયા પ્રકારની ગતિ છે **?**
(A) સુરેખ ગતિ (B) અસ્તવ્યસ્ત ગતિ (C) ચક્રીય ગતિ (D) આંદોલિત ગતિ

**(3) 100** મીટર બરાબર કેટલા સેન્ટિમીટર **?**
(A) 100 (B) 10 (C) 1000 (D) 10,000

**(૪)** કોઈ વસ્તુના પાછળના ભાગે પ્રકાશનો સ્ત્રોત રાખવામાં આવે તો તેનો પડછાયો કઈ બાજુ પડે છે **?**
(A) પાછળ તરફ (B) આગળ તરફ (C) મધ્યમાં (D) એકપણ નહીં

**(૫)** સમતલ અરીસા સામે રાખતાં નીચેનામાંથી કયો અક્ષર એનો એ જ વંચાય છે **?**
(A) U (B) K (C) E (D) G

**(૬)** આપેલા પરિપથમાં **A** અને **B** વચ્ચે શું મૂકવાથી બલ્બ પ્રકાશિત થશે નહીં **?**
(A) સ્ટીલની ચમચી (B) ધાતુની પટ્ટી
(C) પ્લાસ્ટિકની પટ્ટી (D) તાંબાનો તાર

**(૭)** નીચેનામાંથી વિદ્યુત ઊર્જા આપતું સાધન કયું છે **?**
(A) સ્ટવ (B) સૂર્યકૂકર (C) ટ્યૂબલાઈટ (D) સેલ

પ્રશ્ન-૨ કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો. ગુણ-૪
(૧) ________વસવાટમાં પ્રાણીઓ તેમજ વનસ્પતિ પાણીમાં રહે છે.
(૨) 5 કિલોમીટર ________ મીટર થાય.
(3 __________એ પ્રકાશનું પરાવર્તન કરે છે.
(૪) એક વિદ્યુત સેલમાં ___ ધ્રુવો હોય છે.

પ્રશ્ન -3 નીચે આપેલાં વિધાનો સામે ખરાં કે ખોટાંની નિશાની કરો ગુણ-૪
(૧) વાઘએ ભૂચર વસવાટમાં રહેતું પ્રાણી છે **- ( )**
(2) 1 સેન્ટિમીટર બરાબર 10 મિલિમીટર. **- ( )**
(3) વિદ્યુત-પરિપથની રચનામાં ધાતુઓના સ્થાને શણની દોરીનો ઉપયોગ કરી શકાય છે. **- ( )**
(૪) વિદ્યુતપ્રવાહ થર્મોકોલની શીટમાંથી પસાર થઈ શકે છે. **- ( )**

પ્રશ્ન-૪ વર્ગીકરણ કરો ગુણ-૨
**(રબર, ઍલ્યુમિનિયમ, દીવાસળી, તાંબાનો તાર)**
➢ વિદ્યુતવાહક –
➢ વિદ્યુત અવાહક -

પ્રશ્ન-૫ જોડકાં લખો ગુણ-૪

| અ | ઉત્તર | બ |
|---|---|---|
| (1) બસ | __________ | (A) જલીય વસવાટ |
| (2) વનસ્પતિ | __________ | (B) ભૂચર વસવાટ |
| (3) બામનો છોડ | __________ | (C) જૈવિક ઘટક |
| (4) સિંહ - | __________ | (D) અજૈવિક ઘટક |

પ્રશ્ન -૬. નીચેના પ્રશ્નોના એક વાક્યોમાં જવાબ લખો ગુણ-૪
**(૧)** જલીય વનસ્પતિનાં બે નામ લખો
ઉત્તરઃ
**(૨)** કાપડના વેપારી કાપડ માપવા માટે શેનો ઉપયોગ કરે છે **?**

ઉત્તર:
(૩) કેવા પદાર્થનો પડછાયો પડી શકે નહીં?
ઉત્તરઃ
(4) ટોર્યના બલ્બને શામાંથી વિદ્યુત ઊર્જા મળે છે?
ઉત્તરઃ

પ્રશ્ન -૭.નીચેની વ્યાખ્યા આપો ગુણ-૨
(૧) પરાવર્તન :
(૨) અનુકૂલન:

પ્રશ્ન -૮. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. ગુણ-૪
(1) કોઈપણ વસ્તુની લંબાઈનું માપન કરતી વખતે શું ધ્યાનમાં રાખશો ?
(2) સમતલ અરીસા વડે રચાતાં પ્રતિબિંબનાં લક્ષણો જણાવો.

પ્રશ્ન -૯. તફાવત આપો ગુણ-૨

| જૈવિક ઘટકો | અજૈવિક ઘટકો |
|---|---|
| ➢. | ➢ |
| ➢ | ➢ |

પ્રશ્ન -૧૦. વૈજ્ઞાનિક કારણ આપી સમજાવો. ગુણ-૪
(૧) રણમાં જોવા મળતી વનસ્પતિના પર્ણ ટૂંકા અથવા તો કંટક માં રૂપાંતરિત થયેલા હોય છે
(૨) ઈલેક્ટ્રીશિયન દ્વારા ઉપયોગમાં લેવાતાં સાધનોના હાથા પર પ્લાસ્ટિકનું આવરણ હોય છે

પ્રશ્ન -૧૧ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો ગુણ-3
(૧ સાદો વિદ્યુત-પરિપથ તૈયાર કરી તેની આકૃતિ સહ સમજ આપો.